અપીલ અરજી નં.૪૨૭ તા.૩૧–૩–૦૯

અરજદારઃ શ્રી ઈરફાન જી.કાપડીયા
સામાવાળાઃ ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી, નોર્થઝોન

***ફરીયાદની હકીકતઃ–***

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ઈરફાન જી. કાપડીયાની તા.૧૯–૨–૦૯ ની અરજીથી ઘર નં.૧૫ આનંદ નગર–૧ માં હાલ ચાલી રહેલ ત્રણ માળનું બાંધકામની કોર્પોરેશન ધ્વારા બાંધકામની પરવાનગી લીધેલ છે કે નહીં જે અંગે માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૩૧–૩–'૦૯ ની અપીલ અરજી નં.૪૨૭ /૨૦૦૮–૦૯

શ્રી ઈરફાન જી કાપડીયાની તા.૧૯–૨–૦૯ ની અરજીથી ઘરનં.૧૫ આનંદ નગર–૧ માં હાલ ચાલી રહેલ ત્રણ માળનું બાંધકામની કોર્પોરેશન ધ્વારા બાંધકામની પરવાનગી લીધેલછે કે નહીં જે અંગે માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી નોર્થઝોનના પત્ર નં.એન.ઝેડ/આ/૯૧૯૨ તા.૨૦–૩–૦૯ થી આપેલ માહિતી ખોટો જવાબ આપી ગેરમાર્ગે દોરનાર હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩૧ –૩–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૫ તા.૮–૪–૦૯થી ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી, નોર્થઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ વધારાની માહિતી પુરી પાડવામાં આવેલ નથી.

અરજદારની મુળ અરજીમાં ઘર નં.૧૫ આનંદ નગર–૧ માં હાલ ચાલી રહેલ ત્રણ માળનું બાંધકામની કોર્પોરેશન ધ્વારા બાંધકામની પરવાનગી લીધેલ છે કે નહીં જે અંગે માહિતી આપવા જણાવેલ.જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એન.ઝેડ/આઉટ/૯૧૯૨ તા.૨૦–૩–૦૯થી માહિતી પુરી પાડવામાં આવેલ જણાય છે. જેમાં સદર મિલકતના ત્રીજા માળના બાંધકામની મહાનગરપાલિકાની પરવાનગી મેળવેલ હોવા બાબતે કોઈ માહિતી ઉપલબ્ધ નથી તેવી માહિતી આપેલ છે. અરજદારે અપીલ અરજીમાં જણાવ્યા અનુસાર ખોટા જવાબ અને ગેરકાર્ગે દોરવાની કોશિશ અંગે આધાર કે વાજબીપણું અપીલ અરજી સાથે રજુ કરેલ નથી. અરજદારે અપીલ અરજીમાં ખોટો જવાબ આપવા અંગે જવાદાર અધિકારી સામે પગલાં ભરવા જણાવેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨–(જે) હેઠળ જાહેર માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની ઉપલબ્ધ દફતરની માહિતી પુરી પાડવાની જોગવાઈ છે. અરજદારે મૂળ અરજીથી તપાસ કરી માહિતી આપવા જણાવેલ છે જે આ જોગવાઈ સાથે સુસંગત નથી.

## ***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૧૯–૨–૦૯ ની અરજીના અનુસંધાને માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ માહિતી અરજદારને પૂરી પાડવામા આવેલ છે. તેમ છતાં દફતર પરથી જાહેર માહિતી અધિકારીએ આ માહિતી પૂરી પાડેલ છે તે દફતરનું ઈન્સ્પેકશન અરજદારને દિન–૭ માં પુરું પાડવા અને તેની જાણ અત્રે કરવા ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી, નોર્થઝોન જણાવવામાં આવે છે. જે અંગે અરજદારે નિયમ–પ હેઠળ નિયત ફી ભરપાઈ કરવાની રહેશે. જાહેર માહિતી અધિકારી સામે કાયદેસરની શિક્ષાત્મક કાર્યવાહીની સત્તા આરટીઆઈ એકટના કલમ–૨૦ હેઠળ રાજય માહિતી આયોગને હોઈ તે અંગે અત્રેથી કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –પ –૦૯.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી ,નોર્થ ઝોન ,.......જાણ તથા અમલ માટે.
(૨) શ્રી ઈરફાન જી. કાપડીયા